મહત્તમ : ૨૯.૬ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૭ ટકા

ગાંધીનગર તાપમાન

જીટીયુના મુલ્યાંકનમાં છબરડા, રીચેકીંગમાં નાપાસ વિદ્યાર્થીઓ પાસ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા વિવિધ ટેકનીકલ કોર્સના સેમેસ્ટરની મુખ્ય પરિક્ષા લેવામાં આવે છે. આ પરિક્ષામાં નાપાસ થયેલા ઘણા વિદ્યાર્થીઓ રી-ચેંકીગ અને રીએસેસમેન્ટમાં પાસ થયા હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે

છેલ્લા ઘણા સમયથી કોલેજો અને વિદ્યાર્થીઓ દ્વારા જીટીયુની પરિક્ષા મુલ્યાંકનની કામગીરીમાં છબરડા અને ભુલો થતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. ત્યારે સિનિયર પ્રોફેસરો ઉત્તરવહીઓ તપાસવા આવતા નથી. અને ખાનગી કોલેજોના બિન અનુભવી પ્રોફેસરો પાસે ઉતરવહી ચકાસણીની કામગીરી કરાવવામાં આવતી હોવાથી ભુલો થાય છે, તેમ જીટીયુએ આડકતરી રીતે સ્વીકાર કર્યો છે. વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય મળે અને તેમના ભવિષ્ય સાથે ચેડા ના થાય તે માટે એનએસયુઆઈ દ્વારા જીટીયુના વાઈસ ચાન્સેલરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

તાજેતરમાં જીટીયુ દ્વારા ડિપ્લોમાના પ્રથમ અને બીજા સેમેસ્ટરનું રીચેકીંગનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૩૦થી ૪૦ટકા વિદ્યાર્થીઓના માર્ક સુધર્યા છે અને ઘણા વિદ્યાર્થીઓના નાપાસમાંથી પાસ થયા છે. એટલું જ નહી ઘણા વિદ્યાર્થીઓના ગ્રેડમાં પણ સુધારો થવા પામ્યો છે. જેમાં કેટલાક વિદ્યાર્થીઓને તો બી અને સી ગ્રેડમાંથી ડબલ એ ગ્રેડ આવી ગયા છે. જીટીયુ હાલ ડિગ્રી, ડિપ્લોમા ઈજનેરી તેમજ ફાર્મસી સહિત એમબીએ-એમસીએ સહિતના વિવિધ ટેકનીકલ કોર્સની ૬૦૦ થી વધુ કોલેજ છે અને દર વર્ષે સેમેસ્ટરની પરિક્ષામાં ૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરિક્ષા આપે છે. ત્યારે આટલા બધા વિદ્યાર્થીઓની ઉતરવહી મુલ્યાંકન કામગીરીમાં ગંભીર છબરડા અને ભુલો સામે આવી છે તે અત્યંત ચિંતાજનક છે. શિક્ષણ ક્ષેત્રે આ પ્રકારની ગંભીર ભુલો કોઈ વિદ્યાર્થીના ભવિષ્ય સાથે ચેડા સમાન સાબિત થઈ શકે છે. પરિક્ષામાં નાપાસ અને ઓછા માર્કવાળા વિદ્યાર્થીઓને રીચેંકીગમાં જીટીયુને ફી ભરવાની થાય છે જેથી જીટીયુને લાખો રૂપીયાની આવક થાય છે. જો મુલ્યાંકનની કામગીરીમાં અને પરિણામમાં આટલા મોટા છબરડા થતા હોય તો ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી દ્વારા પરિણામ તૈયાર કરતી એન્જન્સી સામે અને ઉત્તરવહી તપાસતા પ્રોફેસરો સામે પણ શિક્ષાત્મક પગલા લેવા જોઈએ. ત્યારે એનએસયુઆઈ દ્વારા માંગ કરવામાં આવી છે કે પરિક્ષાના પેપર જીટીયુ નીકાળે છે, તો સાથે પેપર સોલ્યુશન પણ મુકવામાં આવે તો પેપર ચેક કરવામાં કોઈ તકલીફ ના પડે અને ભુલ પણ ના થાય. જેથી વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય મળે અને તેમના પરિણામમાં કોઈ ચેડા ના થાય નહીં તો આગામી સમયમાં એનએસયુ આઈ દ્વારા ઉગ્ર વિરોધ કરાશે તેમ એનએસયુઆઈના મહામંત્રી અમિત પારેખે જણાવ્યું છે.

રાજયકક્ષાની જુનિયર ફેન્સીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના ઉપક્રમે ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશન અને ગુજરાત સ્પોર્ટસ એકેડમી દ્વારા અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના સહયોગથી રાજયકક્ષાની જુનિયર ફેન્સીંગ સ્પર્ધા આજે સે-૭ ચૌધરી કોલેજ ખાતે યોજાઈ હતી. જેમાં ૭૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી, સ્પર્ધાના આયોજન પ્રમુખ સંજીવભાઈ મહેતા, અમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મનીષકુમાર સોલંકી, મંત્રી ભરતજી ઠાકોર, સંસ્થાના કેમ્પસ ડાયરેટર યશવંતભાઈ ચૌધરી, એસ.એ.જી.ના ફેન્સીંગ કોચ અનિલકુમાર અને વિવિધ જિલ્લાના પદાધિકારીઓ અને ટ્રેનરોએ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધામાં ભાઈઓના વિભાગમાં ફોઈલ વ્યકિતગત ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ અજયસિંહ ચુડાસમા-ખેડા, સિલ્વર મેડલ સચિન પટણી-ખેડા, બ્રોન્ઝ મેડલ અમરસિંહ ઠાકોર-ખેડા અને નિહાર વાળા-સુરેન્દ્રનગરએ મેળવ્યો હતો. ઈપી વ્યકિતગત ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ કરણ ભાટ-સાબરકાંઠા, સિલ્વર મેડલ સિધ્ધરાજસિંહ સરવૈયા-ખેડા, બ્રોન્ઝ મેડલ અજયસિંહ ગોહિલ અને અભિજીતસિંહ રાણાએ મેળવ્યો હતો. સેબર વ્યકિતગત ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ ચંદન પટણી-ખેડા, સિલ્વર મેડલ અર્જુનસિંહ ઝાલા, બ્રોન્ઝ મેડલ પ્રદિપસિંહ રાયજાદા અને જયેન્દ્રસિંહ વાઘેલાએ મેળવ્યો હતો.

જયારે બહેનોના વિભાગમાં ઈપી વ્યકિતગત ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ રીતુ ચૌધરી, સિલ્વર મેડલ પાર્વતી ઠાકોર, બ્રોન્ઝ મેડલ મિત્વા ચૌધરી અને અનુરાધા પ્રજાપતિએ મેળવ્યો હતો. સેબર વ્યકિતગત ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ ઠાકોર સોનલ-સાબરકાંઠા, સિલ્વર મેડલ જીનલ ચૌધરી-ગાંધીનગર, બ્રોન્ઝ મેડલ જાનવી ચૌધરી-ગાંધીનગર અને ક્રિષ્ના ઠાકોર-સાબરકાંઠાએ મેળવ્યો હતો. ફોઈલ વ્યકિતગત ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ કાજલ ચૌધરી, સિલ્વર મેડલ સમેજા ખુશી, બ્રોન્ઝ મેડલ દિવ્યા ઝાલા અને અસ્મિતા ચૌધરીએ મેળવ્યો હતો.

આ સ્પર્ધાના ઉપરોકત વિજેતા ખેલાડીઓ રુદ્રપુર, ઉત્તરાખંડ ખાતે યોજાનાર જુનિયર નેશનલ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે તા. ૨૪-૧૨-૨૦૧૮ના રોજ સ્પર્ધામાં ભાગ લેવા તેઓ અમદાવાદથી નીકળશે. સ્પર્ધાના આયોજનમાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયના ડી.એલ.એસ.એસ. મેનેજર રીગ્નેશભાઈ ચૌધરી, ટ્રેનર હાર્દિકજી ઠાકોર, હિરેનભાઈ ચૌધરી અને અમરતભાઈ ચૌધરીએ ભારે જહેમત ઉઠાવી હતી.

@ગાંધીનગર

● આંબેડકર વિચારાંજલિ સપ્તાહ અંતર્ગત સે-૧૨ આંબેડકર ભવન સમિતિ ખંડ ખાતે સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન પ્રાચીન ભારતીય વાણિજય વિષય પર વકતા પી.કે. ગઢવી પોતાના વિચારો રજુ કરી માર્ગદર્શન અને માહિતી આપશે.

આવતીકાલે ગૌવર્ધનનાથજીની હવેલી ખાતે બ્રહ્મસંબંધનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

પૂ.પા.ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી દ્વારા તારીખ ૨-૧૨-૨૦૧૮ના રવિવારના રોજ બ્રહ્મસંબંધનું આયોજન સવારે ૯ કલાકે કરવામાં આવ્યું છે. જે વૈષ્ણવોને બ્રહ્મસંબંધ લેવાની ઈચ્છા હોય તેઓએ કાર્યાલયમાં ફોન નંબર ૦૭૯-૨૩૨૨૦૪૨૮ ઉપર ફોનથી અથવા રૂબરૂ પોતાના નામ નોંધાવવા જણાવાયું છે તેમજ બ્રહ્મસંબંધ લેનાર વૈષ્ણવે આજે એટલે કે તા. ૧-૧૨-૨૦૧૮ના રોજ ઉપવાસ કરવાનો રહેશે.

સમસ્ત જણસારી સમાજની ઈનામ વિતરણ અંગે બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩૦

સમસ્ત જણાસારી જનક્ષત્રિય, મોચી, સમાજના હોદેદારો અને જ્ઞાતિજનોને વર્ષ ૨૦૧૮ની ધો-૧ થી ૧૨ની ઈનામ વિતરણ માટે માર્કશીટ બાકી હોય તેમણે મોકલી આપવી. વધુમાં વર્ષ ૨૦૧૮ માં ૭૫ વર્ષના વડીલો, ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ, ડોકટર, એન્જીનિયર તેમજ નવી નિમણુંક પામેલા હોય તેઓએ સંસ્થાને વિગત મોકલી આપવી. જેથી સંસ્થા દ્વારા તેઓનું સન્માન કરવામાં આવશે. આગામી સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમને પગલે તા. ૨-૧૨-૧૮ ના રોજ સવારે ૧૦ કલાકે જુના સચિવાલય કેન્ટીન પાસે મીટીંગ રાખવામાં આવેલ છે. સંસ્થાના પ્રમુખ રમેશચંદ્ર અને મંત્રી મહેન્દ્રભાઈએ તમામ હોદેદારો અને આગેવાનોને હાજર રહેવા જણાવ્યું છે.

નાગર યુવાનો માટે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૩૦

સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ)ના ઉપકમે આગામી તા.૨૩-૧૨-૧૮ ને રવિવારના રોજ નાગરક યુવક-યુવતિઓ માટે જીવનસાથી પસંદગી સંમેલન (બાવીસ)નું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. અગાઉના સંમેલનો થકી ૭૫૦૦ થી વધુ યુગલો લગ્નગ્રંથીથી પરસ્પર જોડાયા છે. આ સંમેલનમાં ભાગ લેવા માંગતા હોય તેઓ નરેશ રામચંદ્ર રાજા ૪૫૮ જેઠાભાઈની પોળ, ખાડીયા પોસ્ટ ઓફિસ સામે, ફોન નં. ૦૭૯ ૨૨૧૪૦૬૮૮, અરૂણભાઈ બુચ શ્રી અષ્ટલક્ષ્મી એપોર્ટમેન્ટ, પ્લોટ નં.૨૨૦ સે-૨૦ ફોન.૨૩૨૬૦૩૭૦ ગાંધીનગર, શ્રીમતિ સુભાષ ભટ્ટ ૧૨૭૫ શિવમ સોસાયટી, ડી.એસ.પી. ઓફિસ પાછળ, સે-૨૭ ફોન. ૨૩૨૧૦૧૯૨, તેમજ મહેશભાઈ રાવલ પ્લોટ નં. ૧૨૨૨-૨ ફોન નં. ૨૩૨૩૩૦૬૭ સે-૭ ડી,ના સરનામા ઉપરથી વિનામુલ્યે આવેદન પત્ર મેળવી શકશે. સંસ્થાના પ્રમુખ નરેશ રાજા તથા ચેરમેન અરૂણ બુચ (ગાંધીનગર) અને મહામંત્રી ધર્મેન્દ્ર દેસાઈએ જણાવ્યું છે કે ભરેલા આવેદન પત્રો મોડામાં મોડા તા. ૧૪-૧૨-૧૮ ના રોજ સાંજના સાડા પાંચ સુધીમાં જમા કરાવવાના રહેશે.

ગાંધીનગરના વડોદરા ગામે ક્ષય રોગ અંગે માર્ગદર્શન શિબિર યોજાઈ

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામે આવેલી શેઠ ભીખુભાઈ નગીનદાસ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોને ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના રોગ વિશે લક્ષણો, નિદાન અને સારવાર અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ માર્ગદર્શન શિબિરમાં જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા કેયુર જયસ્વાલ, આનંદ પટેલ,તેમજ પેટા આરોગ્ય કેન્દ્ર તરફથી ચિંતન પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓને પેન વિતરણ કરવામાં આવી હતી.

સે-૩ ન્યુ ખાતે સ્વ. પરેશકુમાર ત્રિવેદીની શોકસભાનું આયોજન

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ પ્લોટ નં.૨૪૩-૨ ખાતે વસવાટ કરતા પરેશકુમાર જવાહરલાલ ત્રિવેદી (નિવૃત ડીવાયએસપી)નું આકસ્મિક દુઃખદ અવસાન થયું છે. ત્યારે સદ્‌ગતના આત્માની શાંતિ અર્થે સમગ્ર સેકટરના વસાહતી ભાઈ બહેનો દ્વારા આગામી તા. ૨-૧૨-૧૮ને રવિવારના રોજ રાત્રે ૮.૧૫ કલાકે સે-૩ ન્યુ શિવશકિત મંદિર ચોક ગ-૧ પાસે શોકસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આથી સેકટરના સર્વે વસાહતી ભાઈ બહેનોને સ્વ.પરેશકુમાર ત્રિવેદીની શોકસભામાં ઉપસ્થિત રહેવા શિવશકિત મંદિર પરિવારના સભ્યો અને હોદેદારો દ્વારા જણાવાયું છે.

ચાર વર્ષથી નાસતો ફરતો રિક્ષા ગેંગનો સાગરીત ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર એલસીબીની ટીમ આજે ગાંધીનગર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે મહેસાણા જિલ્લાના કડી પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં ચાર વર્ષથી નાસતો-ફરતો આરોપી હાલ ક્યાં સંતાયેલો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે અમદાવાદ સરદાર નગર

એરપોર્ટ દિવાલ પાછળ આવેલા કાચા છાપરામાં રહેતા નાસતા ફરતા આરોપીને દબોચી લીધો છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાને સૂચનાથી લોકલ ક્રાઈમ બ્રાંચ પીઆઈ તરલ ભટ્ટની એક ટીમ નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવીને તેમને પકડવા સક્રિય થઇ છે ત્યારે આજે એલસીબી પીએસઆઈ એચ કે સોલંકીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ જીગ્નેશકુમાર ને બાતમી મળી હતી કે મહેસાણા જિલ્લાના કડી પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતો ફરતો સૂત્રધાર મુકેશ દિનેશ મારવાડી (બાવરી) તેના ઘર તરફ સંતાયેલો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને નાસતા ફરતા આરોપી મુકેશ મારવાડી ને પકડી પાડયો હતો. આરોપીને પકડીને તેની પૂછપરછ કરતા વિગતો બહાર આવી હતી કે પોતે તેના નાના ભાઈ સની તથા પોતાના બનેવી મહેશ ઉર્ફે કાલુ સલાટ અને તેના એક અન્ય મિત્ર જે સિંગ સોલંકી એ મળીને કડી હાઈવે ઉપર ત્રણ રસ્તા પાસે એક મહિલા મુસાફરને રિક્ષામાં બેસાડી તેની નજર ચૂકવી થેલામાંથી સોનાના દાગીના કાઢી લીધા હતા. આ ગુનામાં તેનો મિત્ર જે સિંગ સોલંકી પકડાઈ ગયો હતો અને પોતે નાસતો ફરતો હતો. એલસીબીની ટીમે તેની ધરપકડ કરીને કડી પોલીસને સોંપવા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

અવસાન નોંધ : સારસ્વત બ્રાહ્મણ મરણ

ગાંધીનગર શહેરના સેકટર-૯ બ્લોક નં. ૧૦૫-૭ છ ટાઈપ ખાતે રહેતા વૈભવ, માનસી અને સોનમના પિતા પ્રકાશચંદ્ર રમેશચંદ્ર જોશી (સેતપાળ) ઉં.વ.૭૦ તા. ૩૦-૧૧-૧૮ ના રોજ કૈલાસવાસ થયા છે. સદ્‌ગતનું બેસણું તા. ૩-૧૨-૧૮ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન તેમના નિવાસ સ્થાન બ્લોક નં.૧૦૫-૭, છ ટાઈપ સેકટર -૯ ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

પડોશી સાથે ઝઘડો કરતી પત્નીને પતિએ દસ્તો ઝીંક્યો

પત્નીને માથે ટાંકા આવ્યા : અડાલજ પોલીસ મથકમાં પતિ સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક આવેલા અડાલજ ખાતે પંડિત દિનદયાલ નગરમાં પતિએ પત્નીને માથે દસ્તો ઝીંકી દીધો હોવાની ઘટના બની છે. પોલીસ ભવનમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા પતિ સાંજે નોકરી પતાવીને ઘરે પહોંચ્યા ત્યારે પડોશીઓ તેમની પત્નીની ફરિયાદ લઈને ઘરે પહોંચ્યા હતા. પડોશી સાથે ઝઘડો કરતી પત્નીની ફરિયાદો સાંભળીને કંટાળી ગયેલા પતિએ ઉશ્કેરાઈ જઈને એલ્યુમિનિયમનો દસ્તો લઈ પત્નીના માથે ઝીંકી દીધો હતો. ઘાયલ પત્નીને માથે ટાંકા આવી ગયા છે. આ મામલે પત્નીએ પતિ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

અડાલજ ગામમાં આવેલા પંડીત દીનદયાલ નગરમાં રહેતાં આરતીબેન મહેશકુમાર ઠાકરે પોલીસ સ્ટેશનમાં પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. અડાલજ ખાતે જ આવેલી સંજીવની હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી પત્નીએ અધિક પોલીસ મહાનિર્દેશક હથીયારી એકમો ગાંધીનગરની કચેરીમાં જુનિયર ક્લાર્ક તરીકે નોકરી કરતા પતિ સામે અડાલજ પોલીસ મથકમા ફરિયાદ આપી છે. બે દિવસ પહેલા આરતીબેનને પાડોશીઓ સાથે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. જે અંગે રાત્રે આઠ વાગ્યે પતિને પડોશીઓએ ફરિયાદ કરતા પતિ ઉશ્કેરાઈ ગયો હતો અને પત્નીને બે-ચાર લાફા મારી દીધા હતા. જેનો વિરોધ કરતાં મહેશભાઈ વધુ ગુસ્સે ભરાયા હતા અને ઘરમાંથી એલ્યુમિનિયમનો દસ્તો લઈને આરતીબેનને માથામાં મારી દીધો હતો. માથાના ભાગે લોહી નીકળતા આરતીબેન જાતે જ ટૂ વ્હીલર લઈને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે પહોંચી ગયા હતા. જ્યાં ડૉક્ટરે તેમને માથા પર ટાંકા લઈને સિટીસ્કેન કરવાની સલાહ આપીને રજા આપી હતી. ત્યાર બાદ તેઓ બીજા દિવસે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા પહોંચ્યા હતા. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

ચિરવિદાય

- સ્વ. દરજી ભાવનાબેન અમૃતલાલ, ઉ.વ. ૫૯
- સ્વ. જોશી પ્રકાશચંદ્ર રમેશચંદ્ર, ઉ.વ. ૭૦
- સ્વ. સોલંકી મહેન્દ્રકુમાર ખેમચંદભાઈ, ઉ.વ. ૫૩
- સ્વ. રાઘુરમણ સુંદરરાજન આયેગાર, ઉ.વ. ૫૪

જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક નરેશભાઈ. એલ. ચૌધરીનો નિવૃત્ત વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લા માહિતી કચેરીમાં નાયબ માહિતી નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી નરેશભાઈ એલ. ચૌધરી આજે વય મર્યાદાથી નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્ટાફ પરિવાર દ્વારા તેમના દીર્ઘઆયુ અને નિવૃત્ત બાદના જીવનમાં તેમનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આજે ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારી શ્રી વી.બી.દત્તા પણ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ સ્ટાફ પરિવાર દ્વારા કરવામાં આવ્યો હતો.

શ્રી નરેશભાઈ એલ. ચૌધરી રાજય સરકારના માહિતી ખાતામાં વર્ષ- ૧૯૮૪ માં જોડાયા હતા. માહિતી મદદનીશમાંથી ક્રમશઃ બઢતી મેળવીને ગાંધીનગર જિલ્લા માહિતી કચેરી ખાતે તા. ૦૧ ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ પોતાની ફરજ પર નાયબ માહિતી નિયામક તરીકે હાજર થયા હતા. ત્રણ વર્ષ અને ત્રણ માસ સુધી ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવનાર શ્રી નરેશભાઈ ચૌધરીએ ઉમદા રીતે પોતાની ફરજ બજાવી હતી. આજે વય મર્યાદાથી નિવૃત્ત થયેલ શ્રી નરેશભાઈ ચૌધરીને સ્ટાફ પરિવાર દ્વારા તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા કચેરીમાં ફરજ બજાવતાં સેવકભાઈ શ્રી પ્રભાકરણભાઈ પરમારે તેમને શ્રીફળ અને સાકર આપી અભિવાદન કર્યું હતું. તેમજ સ્ટાફમાં વડીલ એવા સુપર વાઈઝર શ્રી તન્વીર વોરા અને ડ્રાઈવર તરીકે ફરજ બજાવતાં શ્રી શેરખાન પઠાણે શાલ ઓઢાડીને તેમનું સન્માન કર્યું હતું. સ્ટાફ પરિવાર દ્વારા શ્રી નરેશભાઈ ચૌધરીને સ્મૃતિ ભેટ આપી તેમની સાથે વિતાવેલ પળોને યાદ કરી હતી.

આ પ્રસંગે માહિતી મદદનીશ શ્રી પરિમલ પટેલે તેમના ત્રણ વર્ષ દરમ્યાનના વિવિધ પ્રસંગો અને કામગીરી કરવાની અલગ શૈલી જેવી અનેક ભૂતકાળના સ્મરણો યાદ કર્યા હતા. સ્ટાફ પરિવારના સર્વશ્રી શાંતિલાલ કમોયા, વિનોદભાઈ દાણીધરીયા, દેવાંગ એસ. કાપડિયા, જીગ્નેશ પટેલ, અમરસિંહ રાણા, આમીન મનસુરી અને પ્રભાબેન સોલંકી પણ આ વિદાય સમારંભમાં સહભાગી બન્યા હતા.

આર.જી. કન્યાશાળાની કબડ્ડી ટીમ જિલ્લા કક્ષાએ વિજેતા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેકટર-૨૩ની આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ જિલ્લા કક્ષાની શાળાકીય કબડ્ડી સ્પર્ધા જીતી લીધી છે. આ સાથે આ ખેલાડીઓ રાજયકક્ષાએ પસંદગી પામ્યા છે.

તાજેતરમાં શહેરના સે-૭માં જે.એમ. ચૌધરી શાળા ખાતે

યોજાયેલ જિલ્લા કક્ષાની શાળાકીય કબડ્ડી સ્પર્ધાની ફાઈનલમાં અન્ડર-૧૯ કેટેગરીમાં સે-૨૩ની આર.જી. કન્યાશાળા તથા જેમ.એમ. ચૌધરી શાળાની ટીમો ટકરાઈ હતી. આ મેચમાં આર.જી. કન્યા શાળાની ટીમ વિજેતા બની હતી. આ ટીમના ખેલાડીઓની રાજયકક્ષાએ પણ પસંદગી થતા સમગ્ર શાળા સંકુલમાં આનંદનું મોજું પ્રવર્તી રહ્યું છે. રાજય કક્ષાએ પસંદગી પામેલ ખેલાડીઓમાં હસ્તી માકાણી, જીલ બારડ, જીનલ રથવી, તમન્ના કુરેશી, પ્રિયા ચૌહાણ, ગાયત્રી ચૌધરી, ધરતી પટેલ, વિધિ શર્મા અને આયુષી ચૌહાણનો સમાવેશ થાય છે. તમામ ખેલાડીઓને શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોષીએ તાલીમ આપી હતી. આ પ્રસંગે શાળાના સુપરવાઈઝર રમેશભાઈ પટેલ, ગીતાબેન પટેલ તેમજ આચાર્ય ગિતેષભાઈ પટેલે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે. રાજયકક્ષાની સ્પર્ધા માટે ટીમ મેનેજર તરીકે ઉર્વશીબેન જોષીની પસંદગી જિલ્લા રમતગમત કચેરી દ્વારા કરવામાં આવી છે.